જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦


તા.૦૮/૦૧/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૫૪/૧૬**

## નવી મુંબઇ ખાતે થી બોલેરો ગાડીઓની ચોરી કરી રાજસ્થાન ખાતે વેચાણ કરતી પરપ્રાતીય ગેંગનો પર્દાફાસ કરતી એસ.ઓ.જી. પોલીસ

નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી બી.સી.સોલંકી સાહેબ એસ.ઓ.જી. ક્રાઇમ અમદાવાદ શહેર નાઓએ શહેરમાં મીલકત સબંધી બનતા ગુનાઓ શોધી કાઢવા તેમજ કોઇ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવા સુચના કરેલ. જે સુચના આધારે પોસઇ શ્રી પી.બી.દેસાઇ તથા પોસઇ શ્રી વી.એચ.જાડેજા તથા પો.સ.ઇ. શ્રી સી.બી.ગામીત નાઓ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન ફરતા ફરતા રામોલ રીંગરોડ અદાણી સર્કલ પાસે જાહેર રોડ ઉપર આવતા સાથેના પો.કો. હીતેન્દ્રકુમાર શંકરલાલ તથા પો.કો. સમીરસિંહ પ્રતાપસિંહ નાઓએ સંયુકત બાતમી હકીકત આપેલ જે બાતમી હકીકત આધારે આરોપી (૧) મહાવીરકુમાર @ ધનારામ ભગવાનારામ પુનિયા તથા આરોપી (૨) પ્રકાશગીરી સેલગીરી ગોસ્વામી બન્ને રહે. તા.ભીનમાલ જી.ઝાલોર રાજસ્થાન નાઓ બોલેરો ગાડી નં. MH-43-AD-7903 તથા બોલેરો ગાડી નં. MH-46-AF-9549 બન્ને ની કિ.રૂ. ૧૦.૫૦ લાખ તથા બોલેરો ગાડીઓ ખોલવાની માસ્ટર કી સાથે પકડી પાડી નવી મુંબઇ ખાતે બોલેરો ચોરીના બે ગુન્હા શોધી કાઢેલ છે. તેમજ આરોપીઓની સઘન પુછપરછ દરમ્યાન તેઓ આ ચોરીનો અંજામ આપવા સારુ એક સ્વીફ્ટ ગાડીનો ઉપયોગ કરેલ જે સ્વીફટ ગાડી તેઓના સાગરીતો (૧) જોઇતારામ કાનારામ ચૌધરી (૨) મોડસિંગ @ મોડારામ બગદસિંગ રાવણા રાજપુત (૩) રાજેશકુમાર બુધારામ પુનિયા તમામ રહે. તા.ભીનમાલ જી.ઝાલોર રાજસ્થાન. નાઓ સ્વીફ્ટ ગાડી લઇ ભાગી ગયેલ હોવાનુ જણાવેલ છે. તેમજ આ ગેંગના સભ્યો મારુતી સ્વીફ્ટ કાર લઇ ગુજરાત, મહારાષ્ટ્ર , મધ્યપ્રદેશ, દિલ્હી માં બોલેરો ચોરી કરવા જતા તેમજ દિવસ દરમ્યાન રહેણાક વિસ્તાર તેમજ જી.આઇ.ડી.સી. વિસ્તારમાં રેકી કરી રાત્રે જ્યાં બોલેરો મળી આવે થી ચોરી કરતા હતા.

અને દેશની જુદી જુદી જગ્યાઓએથી ચોરી કરેલ બોલેરો ગાડીઓને પંજાબ હરીયાણા બોર્ડર ઉપર નશીલા પદાર્થોની હેરાફેરી માટે ઓછી કીંમતમાં દલાલોને ગાડીઓ વેચી દેતા હોવાની હકીકતનો પર્દાફાશ થયેલ છે.

તેમજ તપાસ દરમ્યાન આ ગેંગનો મુખ્ય સભ્ય મોડસિંહ અગાઉ રામોલ તથા ખોખરા પોલીસ સ્ટેશનમાં બોલેરો ચોરીના ગુન્હામાં પકડાયેલ હોવાની હકીક્ત તપાસ દરમ્યાન જણાયેલ છે. આ કામે વધુ તપાસ જારી છે. તા.૦૭/૦૧/૨૦૧૬



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## રાત્રીના સમેય મોબાઈલની દુકાનના શટરના લોક તોડી ઘરફોડ ચોરી કરતાં બે ઈસમોને પકડતી ક્રાઈમબ્રાન્ચ

અમદાવાદ શહેરના પોશ વિસ્તારમાં રાત્રીના સમયે મોબાઈલની દુકાનોના શટરના લોક તોડી ઘરફોડના બનાવો બનવા પામતા હોય, જેથી આવા ગુન્હાઓ બનતાં અટકાવવા તથા શોધી કાઢવા સારુ પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય, જે અનુસંધાને શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર તથા શ્રી કે.એન.પટેલ, મદદનીશ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓની સુચના અનુસંધાને આજરોજ તા.૭/૧/૨૦૧૬ ના રોજ ક્રાઈમબ્રાન્ચના પોલીસ ઈન્સ્પેકટર શ્રી જે.એસ.ગેડમ નાઓની ટીમના પો.સ.ઈ. શ્રી જે.એન.ગોસ્વામી નાઓ તેઓના સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં આવા ગુન્હાઓ શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન મળેલ ચોકક્સ બાતમી આધારે વસ્ત્રાપુર રેલ્વે ક્રોસીંગ પાસેથી આરોપીઓ (૧) પ્રકાશ ગૌતમભાઈ પારધી ઉ.વ. ૨૦ રહે. હેલ્મેટ સર્કલ પુલ નીચે, કાચા છાપરામાં વસ્ત્રાપુર અમદાવાદ મુળ ગામ અનંતપુરી તા.બાગીદરા જી.બાંસવડા રાજસ્થાન તથા (૨) ભાવિન રમણભાઈ વાણંદ ઉ.વ. ૨૮ રહે. ગામ પાલડી તા.ધોળકા જી.અમદાવાદ નાઓને પકડી લઈ તેઓ પાસેથી નીચે મુજબનો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે.

(૧) એક સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન સફેદ રંગનો જી-૩૧૩ SCE સીમકાર્ડ વગરનો કિ.રૂ. ૪૬૦૦/-
(૨) એક જીયોની કંપનીનો સફેદ રંગનો મોબાઈલ ફોન F-103 કિ.રૂ. ૯૫૦૦/-
(૩) એક આછા ગોલ્ડન રંગનો સેમસંગ મોબાઈલ ફોન કિ.રૂ. ૮૦૦૦/-
(૪) એક આછા ગોલ્ડન રંગનો સેમસંગ મોબાઈલ ફોન કિ.રૂ. ૧૨૦૦૦/-
(૫) એક સેમસંગ મોબાઈલ ફોન સફેદ કલરનો કિ.રૂ. ૫૦૦૦/-
(૬) એક સેમસંગ મોબાઈલ ફોન સફેદ કલરનો કિ.રૂ. ૨૧૦૦/-
(૭) એક આઈબોલ કંપની નો મોબાઈલ આછા ગોલ્ડન કલરનો કિ.રૂ. ૪૫૦૦/-
(૮) એક આઈબોલ કંપનીનો કાળા વાદળી રંગનો મોબાઈલફોન કિ.રૂ. ૨૧૫૦/-
(૯) એક સફેદ રંગનો ઈન્ટેક્ષ મોબાઈલ ફોન કિ.રૂ. ૧૪૫૦/-
(૧૦) એક સફેદ રંગનો ઈન્ટેક્ષ મોબાઈલ ફોન કિ.રૂ. ૧૫૫૦/-
(૧૧) એક કાળા રંગનો ઈન્ટેક્ષ મોબાઈલ ફોન કિ.રૂ. ૧૫૦૦/-

મળી કુલ્લે **રૂ. ૫૨૩૫૦/-**નો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે.

જે આરોપીઓની પુછપરછમાં બન્ને આરોપીઓએ પોતાના મિત્ર સતીષ મીરખાન ગાંધી રહે. ટી.વી. ટાવર પાસે થલતેજ મુળ ગામ હળાદ જી.બનાસકાંઠા ની સાથે પોશ વિસ્તારમાં આવેલ મોબાઈલની દુકાનો અગાઉથી દિવસના રેકી કરી ચોરી કરવાનો પ્લાન બનાવી મોડી રાત્રે દુકાનોના શટરો ના લોક તોડી કિમતી મોબાઈલ ફોનની ચોરી કરતાં હોવાની કબુલાત કરેલ છે. અને નીચે મુજબના ગુન્હાઓના ભેદ ઉકાયેલા છે.

(૧) સેટેલાઈટ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧/૨૦૧૬ ઈ.પી.કો.કલમ ૪૫૭,૩૮૦ મુજબ
(૨) વેજલપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૫/૨૦૧૬ ઈ.પી.કો.કલમ ઈ.પી.કો.કલમ ૪૫૭,૩૮૦ મુજબ

### આરોપીઓનો પુર્વ ઈતિહાસ

આરોપી પ્રકાશ ગૌતમભાઈ પારધી (૧) ગુજરાત યુનિવર્સીટી પો.સ્ટે. માં સને ૨૦૧૨ માં ઘરફોડ ચોરીની કોશીષ ના ગુન્હામાં (૨) નવરંગપુરા પો.સ્ટેમાં સને ૨૦૧૩ માં મંદિર ચોરીના ગુન્હામાં (૩) નારણપુરા પો.સ્ટે. માં સને ૨૦૧૩ માં મોબાઈલની ચોરીના ગુન્હામાં (૪) સરદારનગર પો.સ્ટે.માં સને ૨૦૧૪ માં ઘરફોડ ચોરીનો (૫) વસ્ત્રાપુર પો.સ્ટે. માં સને ૨૦૧૩ માં સાદી ચોરી ના ગુનામાં પકડાયેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>પેસેન્જરોની સામાન માંથી રોકડા નાણાંની ચોરી કરતાં એકજ પરીવારના ચાર સભ્યોની ગેંગને પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ.</u>**

નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ આપેલ સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઈમબ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, સાયબર સેલ નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ.શ્રી કે.આઈ.મોદી સા.ની ટીમના પો.સ.ઈ.શ્રી એ.વાય.બલોચ તથા પો.સ.ઈ.શ્રી જે.પી.રોજીયા નાઓ સ્કોડના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સ્ટાફના હેડ.પો.કોન્સ.ધીરજકુમાર લક્ષ્મણભાઇ નાઓને મળેલ મળેલ ચોક્કસ બાતમી હકિકત આધારે એક ઓટોરીક્ષામાં બેસેલ ચાર આરોપીઓ મનસુખભાઇ નાનજીભાઇ ચુડાસમા (દેવીપુજક) ઉવ.૩૯, રહેવાસી: ધીરુભાઇ રબારીના મકાનમાં, જનતાનગર ફાટક, સેકટર-૫, ચાણકયપુરી, ઘાટલોડીયા, અમદાવાદ તથા (૨) ભરતભાઇ બાબુભાઇ સોલંકી, ઉવ.૩૪, રહે. સદર (૩) ભગાભાઇ ચકાભાઇ પરમાર, ઉવ.૩૫, રહે. સદર (૪) પંકજભાઇ રમેશભાઇ પરમાર, ઉવ.૨૧, રહે.સદર નાઓને રોકી તેઓને હાલમા અહી શુ કરો છો તેમ પુછતાં ચારેય ઇસમો તમામ ગોળ ગોળ જવાબ આપેલ જેથી તેઓની ઝડતી તપાસ કરતાં તેઓની પાસેથી રૂ.૧૬,૬૨૦/- મળી આવેલ તેમજ આ લોકોએ ચોરી કરેલ અન્ય રૂ.૧૦૦૦૦૦/- તેઓના ઘરે મુકી રાખેલ તે નાણાં પણ આરોપીઓએ બતાવતાં કબ્જે કરી મળી આવેલ કુલ - ૧,૧૬,૬૨૦/- નાણાં તેઓએ ચોરી અગર છળ કપટથી મેળવેલ હોવાનુ જણાતાં તેઓની સઘન પુછપરછ કરતાં પકડાયેલ આરોપીઓ મુળ અમરેલી જીલ્લાના વતની છે અને અમદાવાદ શહેરમાં આવી એક ઓટોરીક્ષા ખરીદ કરી એક આરોપી રીક્ષા ડ્રાઇવ કરતો અને બીજા ત્રણ આરોપીઓ પાછળ બેસી જતાં હતાં અને એકલ દોકલ પેસેન્જરો મળી આવે તો તેઓને રીક્ષામાં બેસાડી અન્ય બે ઇસમે આ પેસેન્જરની નજર ચુકવી એક આરોપી આ પેસેન્જરના સામાનમાંથી રોકડા રૂપીયા તથા દાગીના વિગેરે જે વસ્તુ મળે તે સેરવી લેતા હતા. આ આરોપીઓએ મળી અમદાવાદ શહેર, કલોલ, ગાંધીનગર, છત્રાલ, મહેસાણા, પાલનપુર વિગેરે જગ્યાઓએ ઘણી બધી ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ છે. આ તમામ આરોપીઓએ મળી કેટલા ગુન્હાઓ આચરેલ છે તે આરોપીઓ પણ સ્પષ્ઠ કહી શકતા નથી.

પકડાયેલ આરોપીઓનો પુર્વ ઇતિહાસ જોતાં આરોપી મનસુખ અગાઉ ૪૦ જેટલા તેમજ અન્ય આરોપીઓ પણ પ્રોહીબિશનના ગુન્હાઓમાં રાજુલા, અમરેલી ખાતે પકડાયેલ છે અને પ્રોહીબિશન બુટલેગર છે. આ મનસુખ અગાઉ તેના સાળા કૈલાસ સાથે મળી ખિસ્સા કાપવાનુ કામ કરતો હતો પરંતુ બે એક વર્ષ અગાઉ તેનો સાળો કૈલાસ એક્સીડંન્ટમાં મરણ જતાં મનસુખ એકલો પડી ગયેલ અને તે બાદ તેણે પોતાના પરીવારના સભ્યોને જ આ કામ શીખવાડી ખિસ્સા કાપવાનુ ચાલુ કરેલ જે દરમ્યાન કામ કરવા નિકળતાં ઓટોરીક્ષા સાથે ચારેય આરોપીઓને પકડી પાડેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)